


NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 074
Dt.: 18-01-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### સર્વેઈલન્સથી માંડી લોજિસ્ટિક્સનું કામ સંભાળશે

# ભારતીય સેના સાથે હવે કામ કરશે રોબોટિક ઘોડા

### આર્મી દ્વારા પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયન આર્મીએ હવે તેમની ટુકડીમાં રોબોટિક મ્યુલ્સનો પણ સમાવેશ કર્યો છે. મ્યુલ્સનો અર્થ ખચ્ચર થાય છે, પરંતુ અહીં રોબોટિક ઘોડા તરીકે પણ એનો ઉલ્લેખ કરવામાં આવે છે. ૧૫ જાન્યુઆરીએ ૭૭મા આર્મી ડેની ઉજવણી પૂણેમાં કરવામાં આવી હતી. આ આર્મી પરેડમાં ક્વાડ્રૂપેડલ અનમેન્ડ ગ્રાઉન્ડ વ્હીકલ જેને રોબોટિક મ્યુલ્સ તરીકે ઓળખવામાં આવે છે, એનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એરૉઆર્ક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ રોબોટને બનાવવામાં આવ્યા છે. આર્મી દ્વારા ઘણી વાર પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે. મલ્ટી યુટિલિટી લેગ્ડ ઈક્વિપમેન્ટ તરીકે પણ જાણીતા આ રોબોટિક મ્યુલ્સને ખાસ કરીને અસામાન્ય પરિસ્થિતિઓમાં પણ કામ કરવા માટે બનાવવામાં આવ્યા છે. પર્વતયાળ વિસ્તાર હોય, એકદમ સીધું ઉતરવાનું હોય અથવા તો ચઢવાનું હોય જ્યાંથી લપસી જવાના ચાન્સ વધુ હોય, તેમજ -40°Cથી 55°C સુધીના વાતાવરણમાં પણ આ મ્યુલ્સ ખૂબ જ સારી રીતે કામ કરી શકે છે અને કોઈ પણ સમસ્યા નહીં આવે.

કેપેસિટીઃ દરેક મ્યુલ્સ તેના પર ૧૨-૧૫ કિલોનો સામાન અથવા હથિયાર લઈ શકે છે.

બેટરી લાઈફઃ આ મ્યુલ્સમાં ૨૦ કલાકની બેટરી લાઈફ છે, જેના કારણે તે લાંબા સમય સુધી કાર્ય કરી શકે છે.

એડવાન્સ સેન્સર્સઃ આ મ્યુલ્સમાં થર્મલ કેમેરા અને ૩૬૦ ડિગ્રી સેન્સરનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે કોઈ પણ અચાનક હુમલો થાય તો તેને ખબર પડી જાય છે. તેમ જ સર્વેઈલન્સ માટે પણ આ મ્યુલનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકાય છે.

પ્રોસેસિંગ પાવરઃ આ રોબોટમાં NVIDIA Xavier પ્રોસેસર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે શ્રેષ્ઠ છે.

આ રોબોટિક મ્યુલ્સને કારણે આર્મીને સૌથી મોટો ફાયદો એ થશે કે હવે સૈનિકોની લાઈફને ઓછું રિસ્ક રહેશે. ખૂબ જ ભયજનક વિસ્તારોમાં તપાસ માટે આ રોબોટને મોકલી શકાશે.

સિક્યુરિટીઃ કોઈ પણ જગ્યા અથવા વ્યક્તિની સિક્યુરિટી માટે આ રોબોટ શ્રેષ્ઠ છે. કૂતરું જે રીતે ઘરમાં કોઈ અજાણી વ્યક્તિ આવે અથવા એને કોઈ શંકા લાગે કે તરત ભસવાનું શરુ કરી દે છે, એ જ રીતે આ રોબોટ પણ દરેક પ્રકારની પરિસ્થિતિઓની આગોતરી જાણ થશે. કમ્પાઉન્ડ અથવા છાવણીની પેટ્રોલિંગ માટે આ શ્રેષ્ઠ વિકલ્પ છે.

બોમ્બ ડિસ્પોઝલઃ બોમ્બ ડિસ્પોઝલ જેવા ઘાતક કામ માટે આ રોબોટનો ઉપયોગ કરી શકાય છે. બોમ્બ ફાટ્યો હોય અથવા એવી પરિસ્થિતિ જેમાં મનુષ્યનું અંદર જવું શક્ય ન હોય, ત્યાં આ રોબોટ સરળતાથી જઈ શકે છે. સર્વેઈલન્સ માટેની માહિતી પણ મેળવી શકાશે.

લોજિસ્ટિક સપોર્ટઃ પર્વતયાળ વિસ્તારમાં જ્યાં સાધન-સામગ્રી પહોંચાડવી મુશ્કેલ છે, એ જગ્યાએ આ રોબોટને સામાન લઈને મોકલી શકાશે.

ઘણાં દાયકાથી ઈન્ડિયન આર્મી દ્વારા જે જગ્યાએ વાહન ન જઈ શકે, ત્યાં સામાન પહોંચાડવા માટે ૪૦૦૦થી વધુ પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. હવે એમાં પરિવર્તન આવશે. આ રોબોટ મ્યુલ્સને ટ્રેન કરવાની જરૂર નથી, તેમ જ તેમને પાણી અને ભોજનની પણ જરૂર નથી પડતી. એક્સ્ટ્રીમ વેધરમાં પણ તેઓ કાર્ય કરી શકે છે, એટલે પ્રાણીઓને છૂટકારો મળશે. આર્મીને આ પ્રકારના ૧૦૦ મ્યુલ્સ મળ્યા છે. હવે ધીમે-ધીમે તેમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને બહુ જલ્દી વિવિધ ઓપરેશનમાં તેમનો ઉપયોગ શરુ થશે. આર્મી પરેડમાં આ મ્યુલ્સનો સમાવેશ કરીને ઈન્ડિયન આર્મી મોર્ડન અને દરેક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં સક્ષમ છે એ દેખાડી દીધું છે. ધીમે ધીમે નવી ટૅક્નોલૉજીનો ઉપયોગ આર્મી દ્વારા કરવામાં આવશે.



### નિફ્ટી ૨૩૨૦૩ પર બંધ

# સતત ત્રણ દિવસની તેજી પર બ્રેક, સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટ તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું છે. BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો.ટ્રેડિંગ સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર રેડ ઝોનમાં ખુલ્યું હતું. BSE પર સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૬૩.૪૦ પર ખુલ્યો હતો. તે જ સમયે, ¤જીઈ પર નિફ્ટી ૦.૫૧ ટકાના ઘટાડા સાથે ૨૩,૧૯૧.૭૫ પર ખુલ્યો હતો. આજના ટ્રેડિંગ



દરમિયાન, BPCL, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, કોલ ઈન્ડિયા અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝના શેર નિફ્ટી પર ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ફોસિસ, એક્સિસ બેંક, શ્રીરામ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, સ્શ્સના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા.BSE મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સપાટ ટ્રેડ થયા હતા. ભારતીય રૂપિયો શુક્રવારે ૬ પૈસા ઘટીને ૮૬.૬૧ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો, જ્યારે ગુરુવારે તે ૮૬.૫૫ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો. આઈટી ક્ષેત્રની અગ્રણી ઈન્ફોસિસ અને ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંકના ત્રિમાસિક પરિણામોમાં ઘટાડાને કારણે શુક્રવારે ભારતના મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી ૫૦માં ઘટાડો થયો હતો.

### માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે જણાવ્યું

# ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે

### વડાપ્રધાન મોદીએ સતત સિનેમાને 'સોફ્ટ પાવર' તરીકે મહત્વ આપ્યું છે અને ફિલ્મ ઉદ્યોગને પોતાનો ટેકો આપ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સંભાજીનગર

ભારતીય સિનેમાને હવે વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે. વાસ્તવમાં ભારતીય સિનેમા સરહદ ઓળંગીને હવે વૈશ્વિક સ્તરે એક અલગ ઓળખ ઊભી કરી રહી છે તેમ માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે જણાવ્યું છે. તેઓ ગઈકાલે ૧૬ જાન્યુઆરીએ આઈફાના એક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા હતા.

મહારાષ્ટ્રમાં છત્રપતિ સંભાજીનગર ખાતે ૧૦મા અજંતા ઈલોરા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (AIFF)ની મુલાકાત દરમિયાન ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ જણાવ્યું હતું કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત સિનેમાને 'સોફ્ટ પાવર' તરીકે મહત્વ આપ્યું છે અને ફિલ્મ ઉદ્યોગને પોતાનો ટેકો આપ્યો છે. આજે ભારતીય ફિલ્મો વૈશ્વિક દર્શકોને આકર્ષી રહી છે અને વિશ્વભરમાં અસાધારણ પ્રશંસા મેળવી રહી છે." માહિતી અને પ્રસારણ સચિવે ૧૫ જાન્યુઆરીએ મહોત્સવના ઉદ્‌ઘાટન સમારંભમાં હાજરી આપવાની હતી, પરંતુ કેટલાંક કારણસર જાજુ બુધવારે હાજર રહી શક્યા નહોતા. અલબત્ત તેમણે બીજા દિવસે મહોત્સવની મુલાકાત લીધી અને આયોજકો અને પ્રેક્ષકો સાથે વાતચીત કરી હતી.AIFF ના માનદ અધ્યક્ષ અને પ્રખ્યાત ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારિકર, આયોજન સમિતિના અધ્યક્ષ નંદકિશોર કાગલીવાલ, મહોત્સવ નિર્દેશક સુનીલ સુકથંકર, કલાત્મક નિર્દેશક ચંદ્રકાંત કુલકર્ણી, સર્જનાત્મક નિર્દેશકો જયપ્રદ દેસાઈ, જ્ઞાનેશ ઝોટિંગ, શિવ કદમ અને કન્વીનર નિલેશ રાઉત સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અંગે વાત કરતાં જાજુએ કહ્યું હતું કે સિનેમા એ ભારતના કલા, નાટક, નૃત્ય અને સંગીતના પ્રાચીન નાટ્ય શાસ્ત્રના લાંબા અને સમૃદ્ધ વારસામાં એક આધુનિક ઉમેરો છે. "મેં કેન્દ્રીય સચિવનો કાર્યભાર સંભાળ્યાને એક વર્ષ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન છત્રપતિ સંભાજીનગર જેવા પ્રદેશો અને AIFF જેવા કાર્યક્રમ સાંસ્કૃતિક જીવંતતા અને સિનેમેટિક વિવિધતા જોવી ખરેખર પ્રેરણાદાયક છે." આ કાર્યક્રમના આયોજન માટે સ્થાનિક સમુદાયોના સામૂહિક પ્રયાસો ખૂબ પ્રશંસાને પાત્ર છે તેમ પણ તેમણે કહ્યું હતું. આઈ એન્ડ બી સચિવ સંજય જાજુએ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આનંદ વ્યક્ત કર્યો. તેમણે આશુતોષ ગોવારિકર દ્વારા આયોજિત એક માસ્ટરક્લાસમાં પણ હાજરી આપી હતી અને તેમાં આપવામાં આવેલી ઊંડાણપૂર્વકની માહિતી તથા વાર્તાલાપથી ખૂબ પ્રભાવિત થયા હતા.

### ડોક્ટરોએ કહ્યું કે સૈફ માટે અઠવાડિયાનો આરામ જરૂરી

# સૈફ અલી ખાનના શરીરમાંથી કાઢવામાં આવેલ છરીનો ટૂકડો પોલીસે પુરાવા તરીકે જપ્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

આરોપીએ સૈફ અલી ખાન પર તેના ઘરમાં થયેલા હુમલા દરમિયાન છરીથી અનેક વાર હુમલો કર્યો હતો. અભિનેતાના કરોડરજ્જુમાં છરીનો ટુકડો ફસાઈ ગયો હતો. આ દરમિયાન, લીલાવતી હોસ્પિટલના ડોકટરોએ સર્જરી પછી અભિનેતાના શરીરમાંથી અઢી ઈંચનો છરીનો ટુકડો કાઢ્યો છે. તેની તસવીરો પણ સામે આવી છે.

તમને જણાવી દઈએ કે તસવીરમાં દેખાતા છરીના ટુકડા પર લોહી છે અને તે ખૂબ જ ખતરનાક લાગે છે. ડોક્ટરે કહ્યું છે કે જો છરી વધુ ઊંડે સુધી ઘૂસી ગઈ હોત તો અભિનેતાની હાલત ગંભીર હોત. સૈફ ૨ મીમીના માર્જિનથી બચી ગયો. સૈફ અલી ખાનના શરીરમાંથી કાઢવામાં આવેલ છરીનો ટૂકડો પોલીસે પુરાવા તરીકે જપ્ત કરી લીધો છે. હાલમાં, પોલીસ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે અને આરોપીઓને પકડવા માટે વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે. જોકે, હજુ સુધી પોલીસે આરોપીની ધરપકડ કરી નથી. ડોક્ટરે જણાવ્યું કે જ્યારે સૈફ અલી ખાન હોસ્પિટલમાં આવ્યો ત્યારે તે લોહીથી લથપથ હતો પણ તે સિંહની જેમ ચાલી રહ્યો હતો. તે પોતાના દીકરા તૈમૂર સાથે હતો. ડોક્ટરોએ કહ્યું કે સૈફ હવે બિલકુલ ઠીક છે. સૈફને ઝ્રેં માંથી ખાસ વોર્ડમાં ખસેડવામાં આવી રહ્યો છે. સૈફ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે. સૈફને ચાલવામાં કોઈ તકલીફ નથી અને તે ભાગ્યશાળી છે. તેણે સ્ટ્રેચર પણ માંગ્યું ન હતું. ડોક્ટરોએ વધુમાં જણાવ્યું હતું કે અભિનેતાને કરોડરજ્જુમાં ઈજા થઈ છે અને તેમને ચેપ ન લાગે તે માટે, મુલાકાતીઓને હાલમાં તેમને મળવાની મંજૂરી નથી. ડોક્ટરોએ એમ પણ કહ્યું કે અભિનેતાને એક અઠવાડિયા માટે બેડ રેસ્ટ લેવાની જરૂર છે અને તેમના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી રહી છે. તેમને ૨ થી ૩ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. સૈફ અલી ખાન પર થયેલા હુમલાના કિસ્સામાં, તેમની ૫૬ વર્ષીય નોકરાણી એલિયા મી ફિલિપ, જે એક સ્ટાફ નર્સ છે, તેણે પોલીસને જણાવ્યું કે તે છેલ્લા ચાર વર્ષથી આ ઘરમાં કામ કરી રહી છે અને સૈફ અલી ખાનનું ઘર ૧૧મા અને ૧૨મા માળે. પરિવાર ત્યાં રહે છે. તે કહે છે કે તે રાત્રે ૧૧ વાગ્યે સૂઈ ગઈ. તે રાત્રે ૨ વાગ્યે જાગી ગઈ કારણ કે તેને કંઈક અવાજ સંભળાયો. ત્યારબાદ, તેણે બહાર જોયું તો દરવાજા પાસે અને બાથરૂમમાં લાઈટ ચાલુ હતી. તેણીને લાગ્યું કે કરીના કપૂર જેહ બાબાને મળવા આવી છે તેથી તે પાછી જઈને સૂઈ ગઈ, પણ પછી તેને લાગ્યું કે કોઈ અંદર પ્રવેશી રહ્યું છે અને તે વ્યક્તિ કરીના કપૂર નથી. નોકરાણી બહાર ગઈ કે તરત જ તેણે ટોપી પહેરેલા એક માણસનો પડછાયો જોયો. તે તેને જોવા માટે બાથરૂમમાં ગઈ, ત્યારે એક માણસ બાથરૂમમાંથી બહાર આવ્યો અને જેહના પલંગ પાસે જવાનો પ્રયાસ કરવા લાગ્યો. નોકરાણીએ કહ્યું, "જ્યારે મેં તેને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણે મને કહ્યું કે કોઈ અવાજ ન કર." આરોપીએ છરી બતાવીને ૧ કરોડ રૂપિયાની માંગણી કરી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. જ્યારે તેની માંગણી પૂરી ન થઈ, ત્યારે તેણે સૈફ અલી ખાન પર હુમલો કર્યો અને સ્થળ પરથી ભાગી ગયો.

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૪ લપસ્યો

# સોનાના વાયદામાં રૂ.૩૨૪ અને ચાંદીના વાયદામાં રૂ.૬૨૪નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૭૬૬.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૮૮૧૪.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૫૮૩.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૭૬૬.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૮૮૧૪.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૨૭૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૯૪.૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૫૭૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૭૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૦૬૪ અને નીચામાં રૂ.૭૮૭૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૮૭૧૦ના આગલા બંધ સામે રૂ.૩૨૪ વધી રૂ.૭૯૦૩૪ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૫૫ વધી રૂ.૬૩૬૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૭ વધી રૂ.૭૮૪૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૭ વધી રૂ.૭૮૯૭૫ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૩૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૬૬૦ અને નીચામાં રૂ.૯૨૭૧૩ના મથાળે અથડાઈ, રૂ.૯૨૮૫૬ના આગલા બંધ સામે રૂ.૬૨૪ વધી રૂ.૯૩૪૮૦ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૬૭ વધી રૂ.૯૩૪૪૬ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૮૧ વધી રૂ.૯૩૪૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૭૩૮.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૬.૬૫ વધી રૂ.૮૩૮.૯ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા વધી રૂ.૨૭૩.૭૫ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૩.૮ વધી રૂ.૨૫૩.૬ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું જાન્યુઆરી વાયદો ૮૫ પૈસા વધી રૂ.૧૭૭.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

## દક્ષિણ ભારતમાં જલિકટ્ટુ દરમિયાન સાતનાં મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)ત્રિચી

દક્ષિણ ભારતમાં આજે પરંપરાગત જલિકટ્ટુ રમત દરમિયાન ઓછામાં ઓછા સાત માણસો મૃત્યુ પામ્યા હતા અને ૪૦૦થી વધુ ઘાયલ થયા હતા. જલિકટ્ટુ એ બળદ સાથે જોડાયેલી રમત છે અને દર વર્ષે રમાય છે. જોકે, ઘણાં વર્ષ પછી આ પરંપરાગત ઉત્સવમાં મૃત્યુ અને ઈજાની ઘટનાઓ બની છે.

અહેવાલ મુજબ, જલિકટ્ટુ દરમિયાન આ ઘટના ગઈકાલે ગુરુવારે ૧૬ જાન્યુઆરીતે બની હતી અને જે સાત વ્યક્તિ મૃત્યુ પામ્યા તેમાં ૭ તો એ રમતને જોવા આવેલા પ્રેક્ષકો હતા. કેરળના શિવગંગા જિલ્લામાં સિરવયાલ ખાતે જલિકટ્ટુ દરમિયાન બળદ સાથે રમતો એક ખેલાડી ગંભીર રીતે ઘાયલ થયો હતો જેનું ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. અન્ય એક ઘટનામાં મદુરાઈ ખાતે જલિકટ્ટુ દરમિયાન એક પ્રેક્ષક માર્યો ગયો હતો. એ જ રીતે સાલેમ જિલ્લામાં પણ જલિકટ્ટુની રમત દરમિયાન બળદો બેફામ દોડતાં બીજા બે પ્રેક્ષકોએ જીવ ગુમાવ્યા હતા. કૃષ્ણાગીરી જિલ્લાં બળદોની સ્પર્ધા દરમિયાન બે વ્યક્તિ માર્યા ગયા હતા.

### વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીનું નિવેદન

# હિંડનબર્ગ આખી રમતમાં નાનો ખેલાડી, માસ્ટરમાઈન્ડ પરથી માસ્ક હટાવવો જરૂરી

### મહેશ જેઠમલાણીએ આરોપ લગાવ્યો છે કે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પાછળ ચીન સાથે જોડાણ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન શોર્ટ સેલર કંપની હિંડનબર્ગ રિસર્ચ તેની દુકાન બંધ કરવા જઈ રહી છે. આ કંપનીએ કાવતરાના ભાગરૂપે ઘણા બિઝનેસ હાઉસને નિશાન બનાવ્યા હતા. આ અહેવાલને કારણે ભારતીય શેરબજારમાં ભારે અરાજકતા જોવા મળી હતી. દરમિયાન, એનડીટીવીના શોમાં વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય મહેશ જેઠમલાણીએ સૌથી પહેલા અમેરિકન બિઝનેસમેન અને હિંડનબર્ગનો પર્દાફાશ કર્યો હતો. તેણે આ સમગ્ર મામલે ચીનના કનેક્શનનો પણ પર્દાફાશ કર્યો છે.

જેઠમલાણીએ આરોપ લગાવ્યો છે કે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પાછળ ચીન સાથે જોડાણ છે. જેઠમલાણીએ કહ્યું કે અમે હિંડનબર્ગને ખૂબ જ મહત્વ આપી રહ્યા છીએ. આ આખી રમતમાં તે એક નાનો ખેલાડી હતો. મોટા ખેલાડીઓ અને માસ્ટર માઈન્ડ હજુ સુધી આગળ આવ્યા નથી.મહેશ જેઠમલાણી કહે છે, આ સમગ્ર ષડયંત્રમાં હિંડનબર્ગ એક નાનો ખેલાડી હતો. અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ અને અન્ય જેવા તેના માસ્ટરમાઈન્ડ. આ જ વાસ્તવિક ગુનેગારો છે. તેઓ શું કરશે? તેઓ ભવિષ્યમાં ભારત વિરોધી શું પગલાં લેશે. આ હજુ સુધી પ્રકાશમાં આવ્યો નથી તે મને લાગે છે કે હિંડનબર્ગ બંધ થવા પાછળનું એક કારણ ટ્રમ્પ સરકારની શરૂઆત છે.

તેમણે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પનો કાર્યકાળ અમેરિકામાં ૨૦મી તારીખથી શરૂ થવા જઈ રહ્યો છે. ટ્રમ્પ ચોક્કસપણે હિંડનબર્ગ જેવી કંપનીઓ સામે કોઈ પગલાં લેવા જઈ રહ્યા છે, કારણ કે આ હિંડનબર્ગ કંપની પણ રિપબ્લિકન પાર્ટી અને ડોનાલ્ડ ટ્રમ્પની વિરુદ્ધ હતી. કદાચ તે સમય આવશે જ્યારે આપણે રોકવાની જરૂર હોય, ત્યારે જુઓ અને વિચારો.

જેઠમલાણી કહે છે, એક બીજી વસ્તુ જોવાની છે. અમારી કંપનીઓને આવા શોર્ટ સેલિંગથી બચાવવા માટે અમે ભવિષ્યમાં શું પગલાં લઈએ છીએપ આ પણ જોવું પડશે. મને કોઈ શંકા નથી કે ભારત સરકાર કોઈ પગલાં લેશે. આ બાબતમાં તે કોઈ પગલાં લેશે નહીં. હિંડનબર્ગને તાળાબંધીથી ભારતમાં રાજકારણ કેવી રીતે બદલાશે? તેના જવાબમાં મહેશ જેઠમલાણી કહે છે, જ્યારે હિંડનબર્ગની વાર્તા બહાર આવી ત્યારે અમે વિચારતા હતા કે તે શોર્ટ સેલર છે. પરંતુ તે માત્ર એક આગળનો હતો. વાસ્તવમાં તેની પાછળ ઘણા લોકો છુપાયેલા હતા.

અમને ખબર પડી કે આ કોટક પછી મને કોઈ શંકા નથી કે જ્યોર્જ સોરોસે આ બાબતમાં સંપૂર્ણ ઈનપુટ આપ્યો હતો. જૂથ પર પ્રશ્નો ઉભા થયા હતા, હિંડનબર્ગ રિપોર્ટની કેટલીક સામગ્રી હજુ જાહેર થવાની બાકી છે, પરંતુ એવી અપેક્ષા છે કે હિંડનબર્ગ બંધ થવાથી ભારતમાં ચાલી રહેલી રાજનીતિ પર પણ રોક લગાવવામાં આવશે. તેમણે કહ્યું, હિંડનબર્ગ બંધ થવાનો અર્થ એ નથી કે તેના ભૂતકાળના ગુનાઓ ભૂંસાઈ ગયા છે. હિન્ડેનબર્ગે સાવચેતીના પગલા તરીકે તેની દુકાન બંધ કરી દીધી છે. કંપનીએ આગળની કાર્યવાહી ટાળવા માટે આ નિર્ણય લીધો છે. આનો બિલકુલ અર્થ એ નથી કે આ એવું નથી કે એન્ડરસન જ આરોપી છે આ કેસમાં અન્ય ચહેરાઓ પણ આગળ આવશે.

# તંત્રી લેખ......

## ભારતની લશ્કરી તાકાત વિકાસવાદને વરેલી

ભારતે તેનો ૭૭મો સૈન્ય દિવસ નૌકાદળમાં બે યુદ્ધ જહાજ અને એક સબમરીનનો સમાવેશ કરીને અનોખી રીતે ઊજવ્યો છે. બુધવારે મુંબઈમાં યોજાયેલા એક ગૌરવભર્યા સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ત્રણે જહાજ રાષ્ટ્રસેવામાં અર્પણ કરીને ભારતીય લશ્કરી દળોના ઈતિહાસમાં અનોખો દિવસ અંકિત કર્યો હતો. આઈએનએસ સુરત, આઈએનએસ નીલગિરિ અને સબમરીન આઈએનએસ વાઘશીરનો નૌકાદળમાં સમાવેશ થવા પ્રસંગે ભારતે વિશ્વને સંદેશ આપ્યો છે કે, તેની લશ્કરી ક્ષમતા માત્ર ને માત્ર શાંતિ, વિકાસ અને આત્મરક્ષણ માટેની છે. ચાર વખત પાકિસ્તાન અને એક વખત ચીન સાથે જંગ લડવી પડી હોવા છતાં ભારતે તેની લશ્કરી શક્તિનો આક્રમકતા કે વિસ્તારવાદ માટે કદી ઉપયોગ કર્યો નથી. નૌકાદળના ત્રણે શક્તિશાળી જહાજ અને સબમરીન રાષ્ટ્રને અર્પણ કરતી વેળાએ વડાપ્રધાન મોદીએ વિશ્વને હૈયાધારણ આપી કે ૨૧મી સદીમાં ભારત તેની સૈન્ય શક્તિને વધુ સક્ષમ અને આધુનિક બનાવે તે તેની અગ્રતા છે, પણ આ શક્તિનો ઈરાદો વિસ્તારવાદ નહીં પણ વિકાસવાદનો છે. દેશની વિકાસયાત્રા વણથંભી અને અંતરાય વગરની બની રહે તે માટે લશ્કરી તાકાતને મજબૂત અને હાઈટેક બનાવાઈ રહી છે. ભારતની લશ્કરી તાકાત કોઈ અન્ય દેશને હેરાન કરવા માટેની ન હોવાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને જો કે, સ્પષ્ટ કર્યું હતું કે, જો કોઈ આપણી સામે આંખ ઉઠાવીને જોશે તો તેનો યોગ્ય જવાબ અપાશે. ભારતીય લશ્કર આજે વિશ્વમાં શક્તિશાળી સૈન્યોની સરખામણીએ આવી ગયું છે. વૈશ્વિક સાઉથના વિસ્તારમાં ભારતની લશ્કરી તાકાત પર દુનિયાના દેશોને ભરોસો છે. આમ તો આ વિસ્તારમાં ચીનની લશ્કરી તાકાત પ્રથમ ક્રમની છે, પણ તેના વિસ્તારવાદી વલણને લીધે કોઈને તેના પર જરા પણ વિશ્વાસ નથી. ઉલ્લેખનીય છે કે, હાલના વૈશ્વિક વ્યૂહાત્મક સમીકરણોમાં હિન્દ મહાસાગર અને હિન્દ પ્રશાંત મહાસાગરના દરિયાઈ માર્ગોનું મહત્ત્વ અનેકગણું વધ્યું છે. આવા સંજોગોમાં ભારતની દરિયાઈ તાકાત આ દરિયાઈ વિસ્તારોમાં સલામતીનું ચાવીરૂપ માધ્યમ બની ચૂકી છે. દરિયાઈ ચાંચિયા હોય કે પછી દાણચોરી જેવા ગુના હોય ભારતીય નૌકાદળ વિશ્વના જહાજી વ્યવહાર માટે રક્ષણ પૂરું પાડે છે, તો બીજી તરફ ભારતની મજબૂત સલામતી વ્યવસ્થા વિકાસને વધુ ભરોસાપાત્ર બનાવવા માટે અનિવાર્ય છે. નૌકાદળની વધેલી તાકાતથી ભારતના વિકાસવાદના મંત્રને સલામતીનો વધારાનો ઓપ મળશે એમાં કોઈ શંકા જણાતી નથી. આવનારા સમયમાં ભારતીય લશ્કર ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનાવટભર્યા પડોશીઓના ઈરાદા સામે વધુ મજબૂત બનતું રહેશે, તેની સાથોસાથ આત્મનિર્ભતાના લક્ષ્યને હાંસલ કરવામાં વધુ પ્રગતિ સાધશે એમ હાલના હકારાત્મક માહોલ પરથી સ્પષ્ટ રીતે જણાઈ રહ્યંઅ છે. ત્રણે યુદ્ધ જહાજને જે રીતે મઝગાવ ડોકયાર્ડે ઘરઆંગણે તૈયાર કરવા ઉપરાતં તેમાં ૭૫ ટકા સ્વદેશી સરંજામનો ઉપયોગ કર્યો તે હકીકત આવનારા સમયમાં સરંક્ષણ ઉત્પાદનમાં પણ ભારતની હથોટીનો વિશ્વને પરચો કરાવવા સક્ષમ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૨૬, ચાંદીના વાયદામાં રૂ.૬૧૮ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૩ની નરમાઈ

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૦૨૮.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૭૩૦.૪૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૯૫૮.૧૫ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૦૭૬૦.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૦૨૮.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૭૩૦.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૪૦.૫૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૯૫૮.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૧૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૧૯૪ અને નીચામાં રૂ.૭૮૭૫૭ના મથાળે અથડાઈ, રૂ.૭૯૨૨૬ના આગલા બંધ સામે રૂ.૨૨૬ ઘટી રૂ.૭૯૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૬૩૬૨૩ના ભાવ થયા હતા. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૭૮૫૧ના ભાવ થયા હતા. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮ ઘટી રૂ.૭૮૯૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૨૬૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૬૨૯ અને નીચામાં રૂ.૯૧૬૪૫ના મથાળે અથડાઈ, રૂ.૯૨૮૦૩ના આગલા બંધ સામે રૂ.૬૧૮ ઘટી રૂ.૯૨૧૮૫ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૮૦ ઘટી રૂ.૯૨૧૭૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૮૯ ઘટી રૂ.૯૨૧૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૫૮૨.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૮૩૭ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત જાન્યુઆરી વાયદો રૂ.૩ વધી રૂ.૨૭૭.૧ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૨.૮ વધી રૂ.૨૫૫.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા વધી રૂ.૧૭૮.૪૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૫૮૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૬૮૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૮૮૪ અને નીચામાં રૂ.૬૮૧૦ના મથાળે અથડાઈ, રૂ.૬૮૩૩ના આગલા બંધ સામે રૂ.૨૩ ઘટી રૂ.૬૮૧૦ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨૪ ઘટી રૂ.૬૮૧૩ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૩૫૩.૮ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨.૧ ઘટી રૂ.૩૫૩.૮ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૨૫ના ભાવે ખૂલી, ૧૦ પૈસા ઘટી રૂ.૯૨૬.૬ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ રૂ.૧૬૦ ઘટી રૂ.૫૪૦૬૦ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૫૭૦.૮૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૩૮૭.૩૧ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૬૩૪.૧૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૨.૨૩ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૫.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૦.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૪૯.૫૭ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૩૯.૮૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૫.૦૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૮.૯૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૫૫૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૯૦૮૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૬૯૧ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૭૨૪૭૭ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૩૨૭૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૧૦૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૮૧૩૫ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૬૬૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૯૭૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૬ ઘટી રૂ.૨૨૪.૬ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૭.૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨.૫ ઘટી રૂ.૩૨૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૭ ઘટી રૂ.૩૦૩૫ના ભાવ થયા હતા. તાંબુ જાન્યુઆરી રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૬.૯૫ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા વધી રૂ.૧.૬૩ના ભાવ થયા હતા. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૫૫ ઘટી રૂ.૨૨૫.૭ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ ઘટી રૂ.૧૭.૫૫ના ભાવે બોલાયો હતો. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૮.૫ ઘટી રૂ.૬૭૭ના ભાવ થયા હતા. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૯ ઘટી રૂ.૨૯૦૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૭ વધી રૂ.૨૭૯.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૭.૬૫ના ભાવ થયા હતા.

સોનું જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦.૫ વધી રૂ.૩૦૩ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૧.૫ વધી રૂ.૨૭૭૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૪ પૈસા ઘટી રૂ.૯.૨૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૪ પૈસા ઘટી રૂ.૦.૬ના ભાવ થયા હતા. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૧૫ વધી રૂ.૨૮૧ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૨૩.૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૩૦૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૪.૫ વધી રૂ.૨૬૬૬ના ભાવ થયા હતા.

ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન કે.જે.ઠાકર, ઓડિશાના નિવૃત્ત ચીફ જસ્ટીસ કે.એસ.ઝવેરી, મુકેશ ખન્ના વિશેષ ઉપસ્થિત રહેશે

# ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા તા.૧૮મીએ સુરતમાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અને ઈન્ટર યુથ એવોર્ડ સમારોહ' યોજાશે

**૭૦૦૦ વિદ્યાર્થીઓને સ્કાઉટીંગ પ્રવૃત્તિઓ અને માનવાધિકારો વિષે જાગૃત્ત કરાશેઃ સ્કાઉટીંગ થકી સમાજને ઉપયોગી થનાર અને શ્રેષ્ઠ યોગદાન આપનાર યુવાનોને સન્માનિત કરાશે**

ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ ખાતે 'નેશનલ યુથ ડે સેલિબ્રેશન એન્ડ ઈન્ટર યુથ એવોર્ડ સેરેમની' યોજાશે, જેમાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, ઓડિશાના નિવૃત્ત ચીફ જસ્ટીસશ્રી કે.એસ.ઝવેરી અને ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન શ્રી કે.જે.ઠાકર, શક્તિમાન સિરિયલથી પ્રખ્યાત થયેલા મુકેશ ખન્ના પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

ઓડિશા હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ અને ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપના પ્રેસિડેન્ટ ઈન ચીફ શ્રી કે.એસ.ઝવેરીએ સુરત સર્કીટ હાઉસ ખાતે મીડિયા સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણો વિકસે તેમજ માનવાધિકારો વિષે બાળકો જાગૃત્ત થાય એ માટે સુરત ખાતે ૭૦૦૦ બાળકોની ઉપસ્થિતિમાં સમારોહ યોજાશે. દેશના ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ તેમજ શ્રીલંકાથી ૨ અને મલેશિયાથી ૧ સ્કાઉટસ ઉપસ્થિત રહેશે.

સાથોસાથ સ્કાઉટીંગ થકી સમાજને ઉપયોગી થનાર અને શ્રેષ્ઠ યોગદાન આપનાર યુવાનોને સન્માનિત કરાશે. સ્કાઉટ & ગાઈડ પ્રવૃત્તિ દ્વારા બાળકના ચારિત્ર્યનું ઘડતર કરીને સારા નાગરિક બનાવવાનો મુખ્ય હેતુ છે.

સ્કાઉટીંગ વિષે સમજ આપતા તેમણે કહ્યું કે, બાળકો નાનપણથી જ વિકટ સ્થિતિ, કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં મદદરૂપ થઈ શકે, મુશ્કેલીઓનું સમાધાન શોધી શકે એ માટે વિશ્વના ૨૧૮ દેશોમાં સ્કાઉટ & ગાઈડ સંસ્થાઓ કાર્યરત છે. આ પ્રવૃત્તિમાં દેશના ૪૬ સરકારી-ખાનગી એસોસિએશનો-એજન્સીઓ તેમજ ગુજરાતના ૨૭ જિલ્લા જોડાયેલા છે. આ પ્રકારના સમારોહ છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે.




પ્રેસ કોન્ફરન્સમાં ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપના ગુજરાત સ્ટેટ ચીફ કમિશનર સવિતાબેન પટેલ, રજિસ્ટ્રાર ટી.વી. જોશી, એક્ઝીક્યુટીવ પ્રેસિડેન્ટ મેકી અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખોટા વીમા દાવા કેસ

# સીબીઆઈ કોર્ટે આરોપીઓને સખત કેદ અને ૧૭.૨ લાખનો દંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

**CBI** કેસોના વિશેષ ન્યાયાધીશે અમદાવાદની કોર્ટમાં છેતરપિંડીવાળા વીમા દાવાના મામલે ૨ વ્યક્તિઓ **SRJ** એસોસિએટ્સ મેસર્સ માર્ક્સ કેમિકલ અને મેસર્સ **SRJ** એસોસિએટ્સના ભાગીદારના પાર્ટનર હસન અબુ સોની અને અને સર્વેયર/લોસ મૂલ્યાનંકાર સંજય રમેશ ચિત્રેને કુલ રૂ. ૧૭.૨ લાખના દંડની સાથે પાંચ વર્ષની સખત કેદ (આરઆઈ)ની સજા ફટકારવામાં આવી છે. સીબીઆઈએ ૩૦-૦૧-૨૦૦૩ના રોજ ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ **(NIACL)**, ડિવિઝનલ ઓફિસ, નવસારીના તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજર, ઉપરોક્ત દોષિત વ્યક્તિઓ અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપી તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજરે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને ખાનગી વ્યક્તિઓ/આરોપીઓ સાથે મળીને બનાવટી દસ્તાવેજોના આધારે વીમા દાવા મંજૂર કર્યા હતા, જેના કારણે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડને બે પોલિસીમાં રૂ. ૪,૪૧,૧૪૫ અને રૂ. ૪,૯૪,૭૧૨નું નુકસાન થયું હતું.

તપાસ પૂર્ણ થયા પછી સીબીઆઈએ દોષિત આરોપીઓ સહિત અન્ય લોકો સામે ૨૪.૦૬.૨૦૦૫ના રોજ ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના ૩૮ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને આરોપી વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનાહિત કાવતરું, છેતરપિંડી, છેતરપિંડીના હેતુથી બનાવટી બનાવવા અને વીમા દાવા મેળવવા માટે બનાવટી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરવાના કેસમાં આરોપીઓ સામેના આરોપોના સમર્થનમાં ૨૫૫ દસ્તાવેજો/પ્રદર્શનો પર આધાર રાખવામાં આવ્યો હતો. ટ્રાયલ પછી કોર્ટે ઉપરોક્ત આરોપીઓને દોષિત ઠેરવ્યા અને તેમને સજા ફટકારી છે. આરોપી તત્કાલીન જાહેર સેવક સામેના આરોપો રદ કરવામાં આવ્યા હતા કારણ કે તેનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું.

# રાજ્યમાં ફરીથી ઠંડીનો ચમકારો, નલિયા નહીં આ શહેર બન્યું ઠંડુગાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

જાન્યુઆરી મહિનો ફરી એકવાર ઠંડો સાબિત થવાનો છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંતોના મતે આ વર્ષે શિયાળો લાંબો ચાલવાનો છે. આજે ફરી એકવાર રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. આજે પાંચ શહેરોના તાપમાનનો પારો ૧૦ ડિગ્રી કરતાં નીચો રહ્યો છે. આજે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં નહીં પરંતુ અમરેલીમાં નોંધાયુ છે. અમરેલી આજે ૦૮.૨ ડિગ્રી સાથે ઠંડુગાર શહેર બન્યુ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો ફરી એકવાર જોવા મળ્યો છે. રાજ્યમાં આજે સૌથી ઓછું તાપમાન અમરેલીમા નોંધાયુ છે. આજે પાંચ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રી કરતા નીચું નોંધાયું છે. ખાસ વાત છે કે, આજે રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નલિયા નહીં પરંતુ અમરેલી બન્યુ છે. અમરેલી આજે લઘુત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે નલિયામાં ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ હતું. આ વખતે શિયાળો લાંબો ચાલશે, માવઠુ થવાની સાથે સાથે કેટલાક વિસ્તારોમાં ઝાકળ પડવાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને, પવનોની દિશા બદલાતા ગુજરાતના હવામાનમાં જોરદાર પલટો આવી શકે છે. તાજા અપડેટ પ્રમાણે, રાજ્યમાં ઠંડીનો ચમકારા વિશે વાત કરીએ તો રાજ્યનું સૌથી ઓછું તાપમાન અમરેલી ૦૮.૨ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે નલિયામાં ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

- અમદાવાદમાં ૧૨.૨ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.
- ડીસા ૧૧.૫ ડિગ્રી તાપમાન, વલ્લભ વિદ્યાનગર ૧૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- વડોદરા ૧૭.૨ ડિગ્રી તાપમાન, સુરત ૧૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- ભુજ ૧૧.૨ ડિગ્રી તાપમાન, કંડલા ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- દ્વારકા ૧૫.૭ ડિગ્રી તાપમાન, ઓખા ૧૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- પોરબંદર ૧૦.૮ ડિગ્રી તાપમાન, વેરાવળ ૧૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- રાજકોટ ૦૯.૪ ડિગ્રી તાપમાન, સુરેન્દ્રનગર ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- મહુવા ૧૪.૩ ડિગ્રી તાપમાન, કેશોદ ૦૯.૬ ડિગ્રી તાપમાન, ભાવનગર ૧૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

ગુજરાતીને BCCI માં મળી મોટી જવાબદારી

# સૌરાષ્ટ્રના દિગ્ગજ ખેલાડી બન્યા ટીમ ઈન્ડિયાના નવા બેટિંગ કોચ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એક અનુભવી ખેલાડી ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ થવાનો છે. વાસ્તવમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ **(BCCI)** એ વર્તમાન ઈન્ડિયા છ મુખ્ય કોચ સિતાંશુ કોટકને ભારતીય રાષ્ટ્રીય ટીમમાં બેટિંગ કોચ તરીકે ઉમેરવાનો નિર્ણય કર્યો છે. કોટક ઈંગ્લેન્ડ સામેની હોમ સિરીઝમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે જોડાશે. ૨૨ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસે છે, જ્યાં પાંચ **T20** અને ત્રણ **ODI** મેચ રમાશે. ચાલો જાણીએ સિતાંશુ કોટક કોણ છે અને શા માટે તેમને બેટિંગ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા.

એવું માનવામાં આવે છે કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી બાદ બીસીસીઆઈની સમીક્ષા બેઠક દરમિયાન ગંભીરે બેટિંગ કોચની માંગ કરી હતી. ભારતીય ક્રિકેટ બોર્ડે આ વિનંતીને સ્વીકારી લીધી છે. **BCCI**ના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'કોચ ગંભીરે સમીક્ષા બેઠક દરમિયાન બેટિંગ કોચની માંગણી કરી હતી. ત્યારથી ચર્ચા ચાલી રહી હતી અને હવે કોટકને સપોર્ટ સ્ટાફમાં સામેલ કરવામાં આવશે. આ બેઠકમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા પણ હાજર હતા.

સિતાંશુ કોટકનો જન્મ ૧૯ ઓક્ટોબર ૧૯૭૨ના રાજકોટમાં થયો હતો. સિતાંશુ કોટક ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા હતા.

# મહાકુંભના શ્રદ્ધાળુઓ માટે ગુજરાત સરકારનો અનોખો અભિગમ મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓને સહાયરૂપ બનશે ગુજરાત પેવિલિયન

**ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કરાયો**

ભારતનો સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળો એટલે કુંભનો મેળો. પૂર્ણ કુંભ મેળો દર ૧૨ વર્ષે આયોજિત થાય છે. આ વર્ષ એટલે કે ૨૦૨૫નો મહા કુંભ મેળો આધ્યાત્મિક દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ છે. કારણ કે, હિન્દુ સંસ્કૃતિ મુજબ ચારેય મુખ્ય ગ્રહો-સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ સંરેખિત થશે. આ સંયોગ દર ૧૪૪ વર્ષમાં એકવાર આવતો હોવાથી આ મહાકુંભ અતિ વિશિષ્ઠ માનવામાં આવે છે. ભારત સહિત વિશ્વભરના ભક્તો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થઈ ગંગા, યમુના અને સરસ્વતી જેવી પવિત્ર નદીઓના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને ધન્યતા અનુભવે છે.

ગુજરાતમાંથી લાખો ભાવિકો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જઈ રહ્યાં છે. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે તા. ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી 'ગુજરાત પેવિલિયન' બનાવવામાં આવ્યું છે. ગુજરાત પેવિલિયનનો મુખ્ય ઉદ્દેશ ભારત સહિત વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતના વૈવિધ્યસભર વારસાથી પરિચિત કરાવી તીર્થયાત્રીઓને શક્ય તમામ પ્રકારની મદદ કરવાનો છે.

આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને ગુજરાતીઓ મહાકુંભ-૨૦૨૫ને લગતી તમામ માહિતી ઉપરાંત પેવેલિયનની વિવિધ સેવાઓ વિશે જાણકારી મેળવી શકશે.

:- ગુજરાત પેવિલિયનની મુખ્ય વિશેષતાઓ :-

★ મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓને માર્ગદર્શન તથા મહાકુંભને લગતી તમામ માહિતી સરળતાથી મળી રહે તે હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૨૪ કલાક કાર્યરત હેલ્પ ડેસ્કની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ છે.

★ વિશ્વભરમાંથી આવતા શ્રદ્ધાળુઓ ગુજરાતના સાંસ્કૃતિક, પ્રાકૃતિક તથા ઐતિહાસિક વારસાથી માહિતગાર થઈ શકે તે હેતુથી ગુજરાતના શ્રેષ્ઠ પર્યટક સ્થળોની ઝાંખી ત્યાં ઊભી કરવામાં આવી છે.

★ મહાકુંભમાં આવતા ભક્તો અને પ્રવાસીઓ ગુજરાતના હસ્તકલા વારસાથી માહિતગાર થઈ શકે ઉપરાંત ખરીદી પણ કરી શકે તે હેતુથી ગુજરાતના વૈવિધ્યસભર હસ્તકલાના ૧૫ જેટલા સ્ટોલ પણ બનાવાયા છે.

★ પેવેલિયનમાં ગુજરાતની ગ્રામીણ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા ૧૦ સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં યાત્રિકો સ્વાદિષ્ઠ ગુજરાતી ભોજનનો આનંદ લઈ શકશે. આ પગલાંથી ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બનશે.

મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા જતા ગુજરાતના શ્રદ્ધાળુઓ કોઈપણ જાતની અગવડ વિના યાત્રા કરી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાત પેવિલિયન બનાવવામાં આવ્યું છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીગનરના IIPH ખાતે "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ

## ભારતે કોરોના કાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વસુધૈવ કુટુમ્બકમની ભાવના ઉજાગર કરીને વિશ્વ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોરોના મહામારીના વિકટ સમયમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને ભારતે પોતાની વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પોલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ કરાવ્યો હતો.

આ સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન પર ચર્ચા-મંથન કરવાનો છે. આરોગ્ય સુરક્ષા સુધારવા, ગરીબી ઘટાડવા અને સમાનતા વધારવા માટે ગ્લોબલ સાઉથ દેશો વચ્ચે પરસ્પર સહયોગ સહિતના વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ પર આ સંવાદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરો પાડી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીશ્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ સુદ્રઢ કરી છે તે અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને વિઝનનો લાભ ગુજરાતને પાછલા ૨૩ વર્ષોથી મળી રહ્યો છે. રાજ્યમાં હાલમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કૉલેજ અને અત્યાધુનિક હૉસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ લોકોની આરોગ્ય સુખાકારી માટે કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે, ભારત સરકારની થિંક ટેન્ક સંસ્થા નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ગુજરાત સતત બે વર્ષોથી "સારુ સ્વાસ્થ્ય અને સુવિધાઓ"ની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે.

આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા ૧૩ ટકાથી વધારે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાઓ વિશ્વસ્તરીય બની છે.

આરોગ્ય ક્ષેત્રે પણ સંશોધન કરતી એક અલાયદી સંસ્થાનો વિચાર બીજ પણ IIPH સ્વરૂપે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ રોપ્યો હતો ? જેનો મુખ્ય ઉદ્દેશ IIT, IIM જેવી સંસ્થાનું નિર્માણ કરવાનો હતો. આજે IIPH એ આરોગ્ય ક્ષેત્રે તેના સંશોધન કાર્ય થકી સમગ્ર દેશમાં નામના મેળવી છે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

બાળ મૃત્યુદર ,માતા મૃત્યુદર, બિનચેપી રોગોના અટકાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી લઈ સિવિલ હોસ્પિટલ સુધીની માળખાકીય સુવિધાઓનું સુદ્રઢ માળખું આજે ગુજરાતની ઓળખ બન્યું છે .જેના પરિણામે જ નીતિ આયોગ દ્વારા જાહેર થતાં આરોગ્ય વિષયક SDG ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત કરવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી રાજ્યના દુર્ગમ, પહાડી દૂરદરાજના વિસ્તારોમાં વસતા નાગરિકોને પણ સતત શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસ રત હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ સિવિલ મેડિસિટીનું જોયેલું સ્વપ્ન પૂર્ણતાના આરે છે એમ જણાવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ઝોન પ્રમાણે મેડિસિટી નિર્માણ કાર્ય આરંભાયુ હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્યમાં ઉપલબ્ધ ગુણવત્તા યુક્ત અને વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓના પરિણામે જ આજે રાજ્યના મેડિકલ ટુરીઝમ માં સતત વધારો થઈ રહ્યો છે.

આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં ગુજરાતના સર્વાંગીણ વિકાસના પરિણામે વર્ષ ૨૦૪૭ પહેલાં જ ગુજરાત સમગ્ર દેશમાં મોડલ સ્ટેટ તરીકે ઉભરી આવશે તેઓ ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. હેલ્થ ડિપ્લોમસી જેવા વિષય પર સંવાદનું આયોજન કરવા બદલ અભિનંદન આપતા મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સના IFS અધિકારી શ્રી કજરી વિશ્વાસે જણાવ્યું હતું કે, ભારત આરોગ્ય ક્ષેત્રે હર હંમેશ આગળ રહ્યું છે. આપણા દેશે ટેકનોલોજીના વિકાસની સાથે સાથે આયુર્વેદ, યોગ અને હોમિયોપેથી જેવી પ્રાચીન પદ્ધતિઓને પણ અપનાવ્યું છે. કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં સ્વદેશી વેકસીન બનાવીને ભારતે વિશ્વ આખાને અચરજમાં મુક્યું હતું. G20ની યજમાનીમાં પણ ભારતના આરોગ્ય ક્ષેત્રનું ઉત્તમ પ્રદર્શન પુરા વિશ્વએ જોયું છે. કોવિન જેવી એપલીકેશનની વિશ્વ આખાએ નોંધ લીધી છે.

આ પ્રસંગે IIPHGના નિયામક ડૉ. દીપક સક્સેનાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે IIPHGની પ્રેરણા ઉપરાંત જાહેર સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવા માટેનું પાયારૂપ IIPHGનું માળખું ઊભું કરવા માટે જરૂરી સહકાર અને પીઠબળ પૂરું પાડવા બદલ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. નિયામકશ્રીએ ઉપસ્થિત સૌને IIPHGની વિશેષતાઓ અને સિદ્ધિઓ અંગે પણ વિસ્તૃત સમજ આપી હતી. સાથે જ તેમણે બે દિવસીય "હેલ્થ ડિપ્લોમેસી પ્રોગ્રામ"ની પણ વિગતો આપી હતી. હેલ્થ ડિપ્લોમસી સંવાદના ઉદ્ગાટન સમારંભમાં પર્યટન વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, IIPHGના ડિરેક્ટર શ્રી દિપક સક્સેના, IIPHGના રજિસ્ટાર શ્રી ડૉ. અનિષ સિન્હા તથા પાર્ટનર કન્ટ્રીના એમ્બેસેડર, વિવિધ દેશોનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

### વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે

# મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉજવાશે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવ-૨૦૨૫

## ભરત નાટ્યમ, ઓડીસી, કુચીપૂડી, મોહિની અટ્ટમ, કથ્થક જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વ કલાકારોની પ્રસ્તુતિ માણવાનો અમૂલ્ય અવસર

(સંપૂર્ણ સમાચાર સેવા)મોઢેરા

મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૫નું આયોજન થયું છે. બે દિવસના આ મહોત્સવમાં ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે. વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૫નું તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ – ઓડીસી – કુચીપૂડી – મોહિની અટ્ટમ – કથ્થક- કથકલી – મણિપુરી – કથક અને સતરીયા જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે.

આ અંગે રાજ્ય સરકાર દ્વારા જારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે, ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિ- દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે તેમ,રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# સુરતમાં ધો. ૧૦ ની વિદ્યાર્થીનીએ યુ ટયુબ જોઈને જાતે જ ગર્ભપાત કર્યો : પોલીસ વિદ્યાર્થીનીના ઘરે પહોચી ત્યારે માતા પિતાને જાણ થઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત થી સમાજને દિકરીઓને આંગળી ચિંધતો કિસ્સો બહાર આવ્યો છે. ધો. ૧૦ ની વિદ્યાર્થીનીએ જાતે ઘરમાં ગર્ભપાત કર્યો હતો. યુ ટયુબ પર જોઈને સગીરાએ જાતે ગર્ભપાત કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૧૬ વર્ષની સગીરાને ૧૬ વર્ષના સોશીયલ મીડીયાના મિત્રએ ગર્ભવતી કરી હતી. ત્યારબાદ તેણે બાળકને જન્મ આપતાની સાથે જ ત્યજી દીધુ હતું.

ગઈ તા. ૯ જાન્યુઆરીએ પાંડેસરમાંથી મળેલી નવજાત બાળકીના વાલીની તપાસ પોલીસે શરૂ કરતાં આ આખો કિસ્સો બહાર આવ્યો હતો. પોલીસ તપાસ માટે વિદ્યાર્થીનીના ઘરે આવી ત્યારે વિદ્યાર્થીનીનો ભાંડો ફુટયો હતો. મોબાઈલનુ વળગણ માનવજાતને ગળી રહ્યુ છે. મોબાઈલને કારણે માસુમોની જીંદગી છીનવાઈ રહી છે. સુરતનો આ કિસ્સો વિદ્યાર્થીનીઓના માતા પિતાને જાગૃત કરવાનો છે. એક ૧૬ વર્ષની સગીરા આવુ કરી શકે તે માનવામાં ન આવે તેવી ઘટના સુરતના પાંડેસરામાં બની છે. આ ઘટના પર નજર કરીએ તો સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ અપેક્ષાનગરમાં વહેલી સવારે બાળકો રમી રહ્યા હતા. રમી રહેલા બાળકોને ખાડી પાસે જ આવેલ કચરાના ઢગલામાં એક બાળકી દેખાઈ આવી હતી. બાળકીને તાત્કાલીક નજીકમાં રહેતા લોકોને જાણ કરી હતી. જાણ થવાની સાથે જ લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયુ હતું. બાળકીને તપાસ કરતા તેનો શ્વાસ ચાલી રહ્યો હતો સ્થાનિકોએ તાત્કાલીક ૧૦૮ ને જાણ કરી બોલાવી હતી. ૧૦૮ ના કર્મચારીઓ બાળકીને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ લઈ આવ્યા હતા જયાં બાળકીને સારવાર મળે તે પહેલા જ તબીબોએ બાળકીને મૃત જાહેર કરી હતી.

બાળકીના મોતને સ્થાનિકો મા રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ જણાવ્યુ હતુ કે બાળકોએ અમને લોકોને જાણ કરતા અમે તાત્કાલીક આવી પહોચ્યા અને બાળકીને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ લઈ આવ્યા હતા. જયાં બાળકીનુ મોત થયુ હતું કોઈ મહિલા દ્વારા પોતાના પાપ છુપાવવા બાળકીને ફેંકવામાં આવી હોય તેવુ લાગી રહ્યુ છે. આવી વ્યકિત સામે પોલીસે કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈએ. જેને લઈ ભવિષ્યમાં ફરી આવી ઘટના ન બને તો બીજી તરફ પાંડેસરા પોલીસે ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ત્યારે આ નવજાતનુ પગેરૂ શોધતા સુરત પોલીસ જે ઘરમાં પહોચી તે જાણીને પોલીસના પગ તળેથી જમીન સરકી ગઈ હતી, તપાસમાં બહાર આવ્યુ હતુ કે ધો. ૧૦ ની વિદ્યાર્થીનીએ યુ ટયુબ જોઈને જાતે જ ગર્ભપાત કર્યો હતો.

૧૬ વર્ષની કિશોરીને ૧૬ વર્ષના સોશીયલ મીડીયા ફ્રેન્ડે ગર્ભવતી કરી નાખી હતી. ગઈ તા. ૯ જાન્યુઆરીએ પાંડેસરામાંથી મળેલી મૃત નવજાત બાળકીની તપાસમાં ચોંકાવનારો ખુલાસો હતો.

પોલીસ ઘરે આવી ત્યારે કિશોરીનો ભાંડો ફુટયો હતો. જાતે ગર્ભપાત કર્યા બાદ સગીરાએ નવજાતને ખાડી પાસે ફેંકી દીધુ હતું લોકોને બાળક મળી આવ્યુ હતુ અને તેને સારવાર માટે ખસેડવામાં આવ્યુ હતું. બાદમાં સારવાર દરમિયાન મોત થયુ હતુ પોલીસ પુછપરછમાં બહાર આવ્યુ હતુ કે મિત્ર સાથે સંબંધ બનાવ્યા બાદ સગીરા ગર્ભવતી થઈ હતી. જે બાદ કિશોરીએ યુ ટયુબ પર જોઈએ ગર્ભપાતની દવા લીધી હતી. ૮ મી જાન્યુઆરીના રોજ મોડી રાત્રે તેને પેટમાં દુખાવો ઉપડયો હતો. કિશોરી બાથરૂમમાં ગઈ ત્યાંજ તેને કસુવાવડ થઈ હતી. જે બાદ તે નવજાતને બહાર ફેંકી આવી હતી આ કિસ્સો સામે આવતા ફરી એકવાર મોબાઈલના વ્યસન અને યુવા ધનના વ્યવહાર પર સવાલો ઉઠી રહ્યા છે. સોશીયલ મીડીયા પર વિડીયો જોઈને યુવાનો કયા માર્ગે જઈ રહ્યા છે તે ખરેખર મોટો પ્રશ્ન છે.

# બિનજરૂરી એટ્રોસીટીની કલમ ઉમેરવા બદલ રાજકોટ પોલીસની હાઈકોર્ટે ઝાટકણી કાઢી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમને ગુન્હામાં ગંભીરતા ઉમેરવા માટે રાજકોટ પોલીસની ટીકા કરી હતી તેમ છતાં તેમાં જાતિના અપશબ્દો અથવા અપમાનનો કોઈ ઉચ્ચાર નથી અને રાજકોટ પોલીસને સ્ટે આપ્યો હતો. ડ્રાઈવર સામે અત્યાચાર સંબંધીત આરોપમાં પગલા લેવાથી ઝપાઝપીના કેસોમાં આ અધિનિયમની અરજી માટે ન્યાયમુર્તિ સંદિપ ભટ્ટે જણાવ્યુ હતુ કે આ કોર્ટે વારંવાર અવલોકન કર્યુ છે કે જયારે કોઈ વ્યકિતની જાતિ વિશે કોઈ ચોક્કસ શબ્દ વિના બે વ્યકિતઓ વચ્ચે સ્વયંભુ ઘટના બને છે ત્યારે પોલીસ સત્તાવાળાઓ ફરીયાદ નોંધે છે. ગુન્હામાં ગંભીરતા ઉમેરવા માટે કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરીને પણ પ્રશ્નમાં એફઆઈઆર વાંચવા પર સામે આવી નથી.

હાઈકોર્ટ સમક્ષ ના કેસમાં કેબ ડ્રાઈવર, મતરા સુસરા સામેલ છે. જે રાજકોટ એરપોર્ટ પર અન્ય ડ્રાઈવર સાથે ઝપાઝપીમાં હતો. ઈજા પહોંચાડવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨) હેઠળ સુસરા વિરૂધધ એટ્રોસીટીની ફરીયાદ નોંધવામાં આવી હતી. બીજો ડ્રાઈવર અનુસુચિત જાતિનો હોવાથી સુસરા પર પણ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ આરોપ મુકવામાં આવ્યો હતો. સુસરા એ તેની સામેના આરોપો ને રદ કરવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમના વકીલે એવી દલીલ કરવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકયો કે એટ્રોસીટીની આરોપો માત્ર ગુન્હાને વધુ ગંભીર અને બિનજામીન પાત્ર બનાવવા માટે લગાવવામાં આવ્યા હતા. અને કાયદાની પ્રક્રિયાના દુરુપયોગ સમાન છે. કારણ કે આ ઘટનામાં કોઈ જાતિની રૂપરેખા સામેલ નથી, ફરીયાદ પક્ષે પણ અરજીનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને રજુઆત કરી હતી કે આ ઘટનાનો એક સાક્ષી છે અને પ્રાથમિક દ્રષ્ટીએ કેસ કરવામાં આવે છે અને આ તબક્કે કોઈ દખલગીરી ની માંગ કરવામાં આવતી નથી. હાઈકોર્ટે રાજય સરકાર અને ફરીયાદીને નોટીસ જારી કરી ૪ માર્ચ સુધીમાં તેમના જવાબો માંગ્યા છે અને ત્યાં સુધી પોલીસને સુસરા સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી ન કરવા આદેશ આપ્યો હતો. જો કે તેણે પોલીસ સત્તાને કાયદા અનુસાર હેઠળ ના ગુન્હા હેઠળ તપાસ આગળ વધારવાની મંજુરી આપી.

# ગુજરાતના પ્રદેશ ભાજપ પ્રમુખનુ કોકડુ ગુંચવાયું : પ્રદેશ પ્રમુખનુ સુકાન કોને સોંપવુ તે નક્કી કરવા આજે જે પી નડ્ડા ના ગુજરાતમાં ધામાં ?



પ્રતિનિધિ,ગાંધીનગર

કર્મુતા બાદ ગુજરાત ભાજપમાં જિલ્લા અને શહેર પ્રમુખના નામોની જાહેરાત થશે તેમજ ભાજપના નવા સુકાનીની પણ જાહેરાત થવાની છે. તેવુ ચર્ચાયુ હતું પરંતુ હવે આ જાહેરાત થવામાં વિલંબ થઈ રહ્યો છે. શહેર ભાજપ પ્રમુખ અને જિલ્લા ભાજપ પ્રમુખોની નિયુકિતઓની પ્રક્રિયામાં કોકડુ ગુંચાવયુ છે. શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોના નામો જાહેર થવામાં હજુ પણ વિલંબ થઈ શકે છે. જેને કારણે ગુજરાત પ્રદેશ ભાજપનુ કોકડુ ગુંચવાયુ છે. જેને લઈ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા આજે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે જે પી નડ્ડા અન્ય એક કાર્યક્રમમાં પણ હાજર રહેવાના છે.

ભાજપમાં ઉમેદવારી ફોર્મ ભરાયાના એક અઠવાડીયાથી વધુ સમય બાદ પણ હજુ પણ નામો જાહેર થવાના છે. જિલ્લા અને શહેર ભાજપ પ્રમુખોના નામો અંગે દિલ્હી થી લીલીઝંડીની રાહ જોવાઈ રહી છે. લટકી રહેલા ગાજર વચ્ચે ભાજપના સંગઠનની નિયુકિત પ્રક્રિયાના વિલંબ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ગુજરાતમાં આવી રહ્યા છે. ત્યારે તેમના આવ્યા બાદ જ જાહેરાત થવાની શકયતા છે. ગુજરાત ભાજપમાં ૩૪ જિલ્લા અને ૧૭ મહાનગરોના પ્રમુખોનુ કોકડુ ગુંચવાયુ છે. ગમે ત્યારે નામની જાહેરાત થશે તેવુ ભાજપના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું. કેન્દ્રીય મંત્રી અમિત શાહ હાલમાં જ ગુજરાતના પ્રવાસે હતા ત્યારે શકયતા હતી કે નામોની જાહેરાત કરવામાં આવશે પરંતુ હવે અમિત શાહ બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા પણ ગુજરાત આવશે. પ્રમુખ પદના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતમાં આજે આવતા હોવાથી હવે મનોમંથન બાદ જ જાહેરાત થશે તેવુ લાગી રહ્યુ છે.

તો બીજી તરફ ગુજરાત પ્રદેશ પ્રમુખની પસંદગી માટે જેને જવાબદારી સોંપવામાં આવી છે તે કેન્દ્રીય નિરીક્ષક ભુપેન્દ્ર યાદવનો પ્રવાસ વિલંબમાં મુકાયો છે. આ જોતા પ્રદેશ પ્રમુખની નિમણુંકમાં વિલંબ સર્જાયો છે. ભુપેન્દ્ર યાદવ તા. ૧૬-૧૭ મી એ ગુજરાત આવવાના હતા પણ તેમનો પ્રવાસ વિલંબ માં મુકાયો છે. ત્યારે ગુજરાત ભાજપમાં ૩૪ જિલ્લા અને ૧૭ મહાનગરોના પ્રમુખોનુ કોકડુ ઉકેલાયુ નથી તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.

# પાટણમાં ચાઈનીઝ દોરીના કેસમાં પોલીસે યુવક પાસે રૂપીયા ૧ લાખ માંગી માર માર્યોનો આક્ષેપ



પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ નજીકના ડેર ગામના એક ખેતરમાંથી ચાઈનીઝ દોરીનો જથ્થો મળવા ના મામલે પોલીસે એક યુવકની ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપી યુવકને જામીન મળ્યા બાદ તેણે પોલીસ પર રૂપીયા ૧ લાખની લાંચ માંગવાનો અને પોલીસ સ્ટેશનમાં માર મારવાનો આરોપ લગાવ્યો છે. પાટણ જિલ્લાના ડેર ગામમાં એક ખેતરમાંથી ચાઈનીઝ દોરી સાથે આકાશજી ઠાકોર નામના ૨૩ વર્ષીય યુવકની બાલીસણા પોલીસે ધરપકડ કરી હતી આ કેસમાં જામીન પર છુટયા બાદ તેણે બાલીસણા પોલીસ પર માર મારવાનો અને રૂપીયા ૧ લાખની લાંચ માંગવાનો આરોપ લગાવ્યો છે. આ યુવકે કહ્યુ હતુ કે બાલીસણા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓએ તેને ધમકાવ્યો હતો અને કહ્યુ હતુ કે ચાઈનીઝ દોરીના કેસમાંથી છુટકારો મેળવવો હોય તો સોલંકી સાહેબ તેમજ પંડયા સાહેબને ૧ લાખ રૂપીયા આપવા પડશે. આ સાથે જ તેને પોલીસ કસ્ટડીમાં પટ્ટા વડે માર મારવામાં આવ્યો હતો. આ કેસમાં જામીન પર છુટયા બાદ આ યુવકે બાલીસણા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ અરજી આપવા પોલીસ સ્ટેશને ગયો હતો, પણ બાલીસણા પોલીસ સ્ટેશનમાં તેને બે કલાક બેસાડી રાખી અરજી લેવામાં આવી ન હતી અને કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો આખરે આ યુવકે કંટાળી પાટણ જિલ્લા પોલીસવડાને ઓનલાઈન ફરીયાદ નોંધાવી હતી.

# અમદાવાદ સીવીલમાં ૪ વરસમાં કેન્સરના ૧ લાખ થી વધુ કેસ નોંધાયા : સૌથી વધુ મોંઢાના કેસ પુરુષોમાં જયારે સ્ત્રીઓમાં સ્તનના કેસોમાં વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની અસારવા સીવીલ મેડીસીટીમાં આવેલી કેન્સર હોસ્પીટલમાં ૨૦૨૧ થી ૨૦૨૪ એમ કુલ ૪ વરસમાં કેન્સરના ૧ લાખ થી વધુ દર્દી નોંધાઈ ચુકયા છે. જેમાં વર્ષ ૨૦૨૪ માં સૌથી વધુ ૨૫૯૫૬ કેસ નોંધાયા હતા. છેલ્લા ૪ વરસમાં કેન્સર ના જે કેસ નોંધાયા છે તેમાં ૫૯૦૫૯ પુરુષ અને ૪૧૦૫૯ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૧ કરતા વર્ષ ૨૦૨૪ માં કેન્સરના નોંધાયેલા દર્દીઓમાં ૧૦ ટકા જેટલો વધારો થયો છે.

છેલ્લા ૪ વરસમાં પુરુષોમાં મોંઢાના જયારે મહિલાઓમાં સ્તન કેન્સરના વધારે કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૨૪ માં સપ્ટેમ્બર સુધી ૧૪૫૭ સહિત ૪ વરસમાં ૬૮૮૯ કેસ પુરુષોમાં મોંઢાના કેન્સર હોવાનુ બહાર આવ્યુ છે. જેમાં વર્ષ ૨૦૨૩ માં સૌથી વધુ ૧૮૮૦ અને વર્ષ ૨૦૨૨ માં ૧૮૨૬ કેસોનો સમાવેશ થાય છે. ડોકટરોના મતે પુરુષોમાં તમાકુના સેવનની લતને કારણે મોંઢાના કેન્સરના કેસ વધારે નોંધાય છે. તો બીજી તરફ મહિલાઓમાં છેલ્લા ૪ વરસમાં સ્તન કેન્સર ના ૫૩૨૮ જેટલા કેસ નોંધાયા હતા. જેમાં સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ૧૧૩૩ કેસનો સમાવેશ થાય છે. ડોકટરોના મતે હવે મહિલાઓમાં પણ મોંઢાના કેન્સરના કેસ વધી રહ્યા છે. આજથી થોડા વર્ષ અગાઉ મોંઢાના કેન્સરના ૧૦ કેસ આવતા તેમાં મહિલાઓનુ પ્રમાણ માત્ર ૧ હતુ પરંતુ છેલ્લા કેટલાક વરસોથી આ પ્રમાણ વધીને ૧૦ માં થી વધીને ૪૦ ઉપર પહોંચી ગયુ છે. મહિલાઓમાં દેખાદેખીને કારણે મહિલાઓમાં પણ સીગારેટ, તમાકુ નુ સેવન કરવાનુ વધ્યુ હોવાથી તેમના મોંઢાના કેન્સરના કેસના પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે. અગાઉ ૫૦ થી વધુ વયની વ્યકિતમાં મોંઢાના કેન્સરના કેસ વધુ જોવા મળતા હતા હવે ૧૮ થી ૪૦ ની વય જુથમાં પણ આ પ્રમાણ ચિંતાજનક વધ્યુ છે. આ ઉપરાંત અનેક લોકો મોંઢામાં નાનકડી ચાંદી પડી હોય તો કાથો અથવા હળદરનો ઉપયોગ કરે છે. હકીકતમાં તેમણે નાની ચાંદી હોય તો પણ તકેદારી માટે ડોકટરનો સંપર્ક કરવો જોઈએ. ધ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટના ડીરેકટર ડો. શશાંક પંડયાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે કેન્સર ને હરાવવા માટે પ્રથમ બે સ્ટેજ ખુબ જ મહત્વના પુરવાર થતા હોય છે જેના માટે સેલ્ફ સ્ક્રીનીંગ પણ મહત્વનો ભાગ ભજવે છે. કેન્સર હોય તો મક્કમ મનોબળ પણ દર્દી માટે દવા જેટલો જ મહત્વનો ભાગ ભજવે છે. ૪૦ ની વય બાદ પ્રત્યેક મહિલાઓએ દર વરસે નિયમિત મેમોગ્રામ ટેસ્ટ કરાવવા જોઈએ. કેટલીક ગાંઠ પીડા આપનારી નહી હોવાથી અનેક લોકો તેને નજર અંદાજ કરવાની મોટી ભુલ કરે છે. હકીકતમાં સહેજ પણ શંકા જણાય તો તેના માટે તુરંત ડોકટરનો સંપર્ક કરવો જોઈએ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ
**01**
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
**02**
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની
**03**
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ
**04**
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
**05**
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી
**06**
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ
**07**
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**